# નિતીશતકમાં સજ્જન પ્રશંસન્

પ્રભુભાઈ એમ. પારઘી
(M.A., NET, JRF)

નિતિશતક કવિશ્રી ભર્તુહરીએ લખેલ છે. ભર્તુહરિએ આપણને ત્રણ કૃતિએ આપી છે, (1) શુગારશતકમ્ (2) નિતિશતકમ્ (3) वैराग्यशतम्

ભર્તુહરિના જીવન વિશે વિચારીએતો તેમને સાત વાર સન્યાસ ગ્રહણ કર્યો, અને સાતવાર સંસાર ગ્રહણ કર્યો, તેવું કહેવાય છે. તેમની પ્રિયપત્ની પીંગલા હતી. તેઓ શ્રેષ્ઠ રાજા હોવાથી, એક વાર ગોરખનાથ નામના યોગીએ અમર ફળ આપ્યું, તેમણે પોતાની પત્નીને આપ્યું પત્નીએ પણ અશ્વપાલને આપ્યું, અશ્વપાલે ગણિકાને આપ્યું, અને ગણિકાએ પણ છેવટે પાછુ રાજાને આપ્યું, ત્યારે રાજા ચકિત થઇ ગયા. ત્યારે રાજાએ પોતે આપેલા ફળને પોતાની પાસે કેવી રીતે આવ્યું તેની તપાસ કરી, કારણ કે પોતે આપેલ ફળ, પોતાની પાસે ફરીને કેમ પાછું આવ્યું? તપાસ કરતાં પત્ની બેવફા છે. તેમ ખબર પડી ! તો રાજાએ સંસારનો ત્યાગ કર્યો.

બીજી એકદંત કથા પ્રમાણે તેઓ વ્યાકરણ રુચિ હતા અથવા તો શિક્ષકના પુત્ર હતા. અને એકવાર ઠપકો આપતાં તેમણે સંસારનો ત્યાંગ કર્યો, તેવી કથા મળે છે.

"ત્રીજી એક દંતકથા પ્રમાણે તેમણે ત્રીસ કે ૩૦૦ રાણીઓ હતી. અને તેઓ રાણીઓમાં રત રહેતા હતા. માટે પિતાજીએ ઠપકો આપતાં સંસારનો ત્યાગ કર્યો. તેવી પણ દંતકથા મળે છે.

"તેમણે તેમની પ્રથમ કૃતિ શૃંગારશતકમાં સ્ત્રીઓના હાવ-ભાવ, શ્રેષ્ઠા વિશેની માહિતી આપેલ છે. તેમણે નિતિશતકમાં મૂર્ખ માણસ, સજ્જન માણસ, મિત્ર કેવો હોવો જોઈએ, સત્સસંગતિનો મહિમા પ્રારબ્દ પુરુષાર્થ જેવા અનેક વિષયો પર પોતાની કલમ ચલાવી છે. પરંતુ વેરાગ્ય જ અભય છે, તેવું કહ્યું છે, માટે વૈરાગ્યને સ્વિકાર્યો છે, મહત્ત્વ આપ્યું છે.

वाच्छा सज्जनसंगमे परगुणे प्रीतिर्गुरौ नम्रता
विधायं व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद्रयम्
भक्तिः शूलिनि शक्तिरात्मदमने संसर्गमुक्तिः खलैः
रेते येषु वसन्ति निर्मलगुणास्तेभ्यो महद्भ्यो नमः

"આપેલા પ્રસ્તુત શ્લોકમાં મહાપુરુષોના પ્રશંસનીય ગુણોનું વર્ણન ખૂબ જ સરસ મજાનું આપેલ છે. બીજાના ગુણને પ્રત્યેનો પ્રેમ સારો હોય છે. શિક્ષકો પ્રત્યેની નમ્રતા, ભણવામાં રસ, પત્ની પ્રત્યેનો પ્રેમ, જાહેર ટીકાનો ડર, ભગવાન

શિવાના ચરણોમાં ભક્તિ, સ્વયં સક્ષમ બનવું, દુષ્ટ લોકોના સંગાથે નિયત્રંણ અને અવગણના એવા મહાપુરુષોને વંદન જેમના આ શુદ્ધ ગુણો હોય છે. ભક્તિ કરનાર માણસ હંમેશા સાત્વિક ગુણોનો માણસ બનેલો હોય છે.

करे श्लाध्यस्त्यागः शिरसि गुरुपादप्रणयिता
मुखे सत्या वाणी विजयी भुजयोवीर्यमतुलम्
हदि स्वच्छा वृतिः श्रुतमधिगतं च श्रवणयो
विनाप्यैश्वर्यैण प्रकुतिमहतां मण्डनमिदम्

"આપેલ પદ્યમાં મહાપુરુષોના સુંદર ગુણોનું વર્ણન કરેલ છે, હાથમાં દાન, માથા પર ગુરુ પ્રત્યે આદર, મુખમાં સત્ય વચન ભાઈ, બાહુમાં વિજય મેળવવાની અદ્વિતીય શક્તિ, હૃદયમાં સ્વચ્છ વર્તન અને કાનમાં પ્રાપ્ત શત્રોનું જ્ઞાન - આ બધાનું કુદરતી આભૂષણોની જરૂર નથી. કારણ કે સામાન્ય માણસ પોતાના શરીરને સોના ચાંદીના આભૂષણોથી શણગારે છે. પરંતુ મહાન લોકોના સારા કાર્યો એ અનન્ય શણગાર છે. જે તેમની સુંદરતાંમાં વધારો કરે છે. સ્ત્રી જેમ હાથમાં બંગળી પહેરે છે. પણ દાન એ મહાપુરુષોના હાથનું ઘરેણું છે, ગુરુની ઉપાસના તેમના માથાનું આભૂષણ બની જાય છે. સત્યવાદી વાણી તેમના ચહેરાની સુંદરતામાં વધારો કરે છે. સામાન્ય માણસ પોતાના બાહુમાં કિયરું ધારણ કરે છે, પરંતુ મહાપુરુષોના બાહુમાં તેમની અદ્વિતીય વિજયી બહાદુરીનું આભૂષણ છે. સ્વચ્છ વર્તન તેમના હૃદયનું શાશ્વત રત્ન સમાન હોય છે. મેળવેલું જ્ઞાન પોતાના કાનની બુટ્ટી જેવું આભૂષણ સરખું હોય છે. અન્ય લોકો સંપત્તિ પ્રાપ્ત કરતાં હોય છે, પણ પછીજ ઝવેરાત પહેરતા હોય છે. પણ આગળ માહિતી મુજબ સત્કર્મ અને સદગુણો એ જ એશ્વર્ય વિના પણ તેમના સ્વાભાવિક રીતે આકર્ષણરુપ અને પૂરી જિંદગી ઝવેરાત જ સમાન ગણત હોય છે, તે નમ્રતાથી ઉન્નતિ પ્રાપ્ત કરતા હોય છે.